# રાજેન્દ્રનગરના સોમનાથ મહાદેવના મંદિરે હરહર મહાદેવનો નાદ ગુંજ્યો

## શ્રાવણમાં સ્વયંભૂ શિવાલયનું અનોખું મહત્વ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

શ્રાવણ માસના આરંભ સાથે ભગવાન ભોળાનાથના ભક્તો શિવ આરાધનામાં લીન બન્યા છે. કુદરતી સૌંદર્યના સાનિધ્યમાં પૌરાણિક શિવાલયોમાં દર્શનાર્થીઓ ઉમટી રહ્યા છે ત્યારે હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગરમાં સ્વયંભૂ સોમનાથ મહાદેવના મંદિરે શ્રાવણના આરંભથી હરહર મહાદેવનો નાદ ગુંજી ઉઠ્યો છે. સ્વયંભૂ શિવાલયની આગવી પ્રાગટ્ય કથા હોવાના કારણે શ્રાવણમાં દૂર દૂરથી દર્શનાર્થીઓ દર્શન માટે ઉમટી રહ્યા છે. ગ્રામજનો દ્વારા દર સોમવારે વિશાળ કદના શિવલીંગને સુશોભિત કરાતું હોવાથી પંથકમાં આકર્ષણ છવાયું છે.

જિલ્લામાં શિવ મંદિરોની પોતાની આગવી ઐતિહાસિક કથાઓ આદિઅનાદિકાળથી સાંભળવામાં આવતી હોય છે. મંદિરોમાં સ્થાપિત શિવલિંગ કરતાં સ્વયંભૂ શિવાલયનું વધુ મહત્વ શાસ્ત્રોમાં દર્શાવ્યું છે જેથી શિવભક્તો શ્રાવણમાં સ્વયંભૂ શિવમંદિરના સાનિધ્યમાં શિવ આરાધના કરતા હોય છે. તાલુકાના





રાજેન્દ્રનગરમાં અરવલ્લીની લીલીછમ ગીરીકંદરાઓ વચ્ચે શોભતા સોમનાથ મહાદેવની પણ કથા નિરાલી છે. કહેવાય છે કે રાજેન્દ્રનગર નજીકના રાયગઢના એક બ્રાહ્મણ પરિવારની ગાય દૂજણી હોવા છતાં માલિકના ઘરે દૂધ આપતી જ ન હતી. બ્રાહ્મણ પરિવારના મનમાં શંકા ગઈ કે નક્કી કોઈ ગાયને જંગલમાં દોહી લે છે જેથી બ્રાહ્મણે જંગલમાં આવી જોયું તો કંથેરના જાળામાં પ્રવેશી ગાય એક સ્થળે ઉભી થઈ અને તેના આંચળમાંથી આપમેળે દૂધની ધારા વછૂટવા લાગી આ જોઈ બ્રાહ્મણ આશ્ચર્ય પામી ગયો અને તપાસ કરતાં જાળામાંથી પાંદડાં હટાવી સાફસફાઈ કરી તો વિશાળ કદનું સ્વયંભૂ શિવલીંગ નજરે પડ્યું હતું. જંગલમાં સ્વયંભૂ શિવ પ્રાગટ્યની વાત વાયુવેગે પ્રસરી. સ્વયંભૂ શિવાલય અનામી હતું પરંતુ પાછળથી વિશાળ કદના શિવલીંગના કારણે સોમનાથ મહાદેવ નામ રાખવામાં આવ્યું. ગ્રામજનોના સાથ સહકારથી જે જગ્યાએથી શિવલીંગ મળ્યું ત્યાં મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. શ્રાવણિયા સોમવારે દૂર દૂરથી ભક્તો સોમનાથ મહાદેવના દર્શને આવતા હોય છે. શ્રાવણના પ્રથમ સોમવારથી જ ગ્રામજનો દ્વારા મહાદેવને વિવિધ શણગારોથી સજ્જ કરવામાં આવતાં સમગ્ર પંથકમાં શ્રાવણ માસ દરમ્યાન રાજેન્દ્રનગરના સોમનાથ મહાદેવ મંદિરમાં હરહર મહાદેવનો નાદ ગુંજી ઉઠ્યો છે.

# ધનસુરાની ઓઈલ મીલમાંથી ગુમ થયેલ ચેકથી રૂપિયા પડાવી લેવાનો કારસો

## રૂા.૯.૫૧ લાખ પડાવવા જતાં મોડાસા માર્કેટયાર્ડના વેપારી સામે ફરિયાદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

ધનસુરાના પાંચકુહાડામાં ઓઈલમીલ ધરાવતા અશોક લક્ષ્મીલાલ શર્માનો બેન્ક ઓફ બરોડ-ધનસુરા શાખાના ગુમ થયેલા ચેકનો ઉપયોગ કરી મોડાસા માર્કેટયાર્ડના વેપારી દિનેશચંદ્ર પુરષોત્તમદાસ શાહે રૂા.૯,૫૧,૦૦૦ પડાવી લેવાના આશય સાથે ખોટી હકીકત ઉભી કરી ઓઈલ મીલના માલિકને આર્થિક નુક્સાન કરવાનો પ્રયાસ કરતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે ધનસુરા પોલીસે ચેકનો ઉપયોગ કરનાર વેપારી સામે વિશ્વાસઘાત તેમજ છેતરપીંડીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ ધનસુરાના દોલપુર રોડ પરની શિવમ્ સોસાયટીમાં રહેતા અશોક શર્માની પાંચકુહાડા પાસે ઓઈલ મીલ આવેલી છે. ધંધાકીય રીતે તેઓ મોડાસા માર્કેટયાર્ડના મુકેશ ટ્રેડીંગના દિનેશચંદ્ર શાહ સાથે સંપર્કમાં આવ્યા હતા જેમાં તા.૧૬-૭-૨૦૨૧થી અગાઉના સમય દરમ્યાન ઓઈલમીલમાંથી અશોક શર્માનો ધનસુરા બેન્ક ઓફ બરોડા શાખાની ચેકબુકમાંથી તેમનો એક ચેક મોડાસાના વેપારીએ બદઈરાદાથી મેળવી લીધો હતો. ઘણા લાંબા સમય સુધી ચેકને પોતાની પાસે રાખી ઓઈલ મીલર સાથે કોઈપણ પ્રકારની આર્થિક લેવડ દેવડ થઈ ન હોવા છતાં રૂા.૯,૫૧,૦૦૦પડાવી લેવા માટે બોગસ હકીકત ઉપજાવી તે હકીકતના આધારે રૂપિયા પડાવી લેવાનો કારસો રચ્યો હતો. ચેકમાં રકમ ભરી બેન્કમાં રજૂ કરી ઓઈલમીલ માલિકને આર્થિક ફટકો પહોંચાડવાના ઈરાદે ગુનાહીત કૃત્ય આચરવામાં આવ્યું હોવાનું ધ્યાનમાં આવતાં ઓઈલ મીલ માલિક અશોક શર્માએ ધનસુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે જેથી પોલીસ દ્વારા મોડાસા માર્કેટયાર્ડના વેપારી દિનેશચંદ્ર પુરષોત્તમદાસ શાહ(રહે.કલ્યાણ સોસાયટી, મોડાસા) સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### DYSP પુત્ર વિશાલ રબારીને ASI માતાની સેલ્યુટ

# રાજ્યક્ષાના સ્વાતંત્ર્ય દિવસની જૂનાગઢ ઉજવણીમાં ભાવુક દ્રશ્ય, DYSP પુત્ર માટે માતા રોલ મોડલ

મોડાસા, તા.૧૮

૧૫ ઓગસ્ટે જૂનાગઢમાં રાજયકક્ષાની સ્વાતંત્ર્ય પર્વની રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી જેમાં અરવલ્લી જીલ્લામાં ડીવાયએસપી તરીકે ફરજ બજાવતા વિશાલ રબારીએ પરેડની કમાન્ડ સાંભળી હતી તેમની માતા મધુબેન રબારી જૂનાગઢ તાલુકા મથકે આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હોવાથી પરેડ દરમિયાન ડીવાયએસપી પુત્રએ માતાની સેલ્યુટ ઝીલી હતી ત્યારે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા ડીવાયએસપી વિશાલ રબારીએ તેમની માતા તેમના માટે રોલ મોડલ હોવાનું અને હાલ પોલીસતંત્રમાં ઉચ્ચ અધિકારી તરીકે માતાની મહેનતના લીધે ફરજ બજાવી રહ્યો હોવાનું જણાવ્યું હતું

દેશમાં અનેક વાર પુત્રી કે પુત્ર પોલીસતંત્ર ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવતા હોય તે જ કચેરીમાં તેમના પિતા ફરજ બજાવતા હોવાથી તેમના સંતાનને ફરજના ભાગરૂપે સેલ્યુટ



આપતા હોવાની અનેક ઘટનાઓ બહાર આવી છે ત્યારે ગુજરાત પોલીસમાં ડીવાયએસપી તરીકે ફરજ બજાવતા પુત્રને એએસઆઈ તરીકે ફરજ બજાવતા માતાએ રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સલામી આપતા અને ડીવાયએસપી એએસઆઈ માતાના પુત્ર જ હોવાનું બહાર આવતા ભાવવિભોર દ્રશ્યો સર્જાયા હતા હંમેશા માતાને પુત્ર સલામ કરતો હોય છે પરંતુ ફરજના ભાગરૂપે માતાએ પુત્રને સેલ્યુટ આપી હતી પરેડમાં હાજર અને રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વમાં ઉપસ્થીત ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ગદગદીત બન્યા હતા. અરવલ્લી જીલ્લામાં પોલીસ નાયબ અધિક્ષક તરીકે ફરજ બજાવતા વિશાલ રબારીની ૧૫ ઓગસ્ટે જૂનાગઢમાં રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં પરેડ કમાન્ડર તરીકે નિમણુંક કરવામાં આવી હતી જોગાનુજોગ જૂનાગઢ તાલુકામાં તેમની માતા મધુબેન રબારી એએસઆઈ તરીકે ફરજ બજાવે છે સ્વાતંત્ર્ય પર્વની પરેડ દરમિયાન ડીવાયએસપી પુત્ર વિશાલ રબારી પરેડ કમાન્ડર તરીકે જવાબદારી સાંભળતા હોવાથી તેમની માતા મધુબેન રબારીએ ફરજધર્મ નિભાવી પુત્રને સેલ્યુટ કરતા પુત્રએ માતાની સલામી ઝીલી હતી.

# ધનસુરામાં ૧૫મી ઓગષ્ટ શહીદોના નામે વૃક્ષારોપણ કરી ઉજવી

ધનસુરા, તા. ૧૮

જન જાગૃતિ કેળવણી મંડળ દ્વારા ૭૫માં આઝાદીના અમૃત પર્વની



ઉજવણી ધનસુરા ખાતે શહીદો અને કોરોના વોરિયર્સના નામે વૃક્ષારોપણ કરીને કરવામાં આવી. જેમાં ધનસુરા ભાજપ સંગઠનના હોદેદારો પ્રમુખ જગદીશ ભાઈ ગોર, મહામંત્રી નરેન્દ્રભાઈ પટેલ અનું.જાતિ. મોરચા પ્રમુખ અમૃતભાઈ રાઠોડ અને પૂર્વ પ્રમુખ અનિલભાઈ પટેલે વૃક્ષારોપણ કર્યું હતું.જન જાગૃતિ કેળવણી મંડળ તરફથી ૭૫ વૃક્ષો અને ટ્રી ગાર્ડ વિનામૂલ્યે આપી એનું રક્ષણ કરવા પ્રમુખ ડૉ. એચ. કે. સોલંકીએ જણાવ્યું હતું.આ પ્રસંગે ડૉ. આર. એન. પરમાર, વિનુભાઈ અને કનુભાઈ ભાંભી વગેરેએ હાજર રહી શહીદોને શ્રદ્ધાંજલિ રૂપે એક એક વૃક્ષ વાવ્યું હતું.વૃંદાવન સોસાયટીના મુખ્ય માર્ગ પર ટ્રી ગાર્ડ સાથે વૃક્ષો રોપી એની જવાબદારી પ્રદીપ, ચિરાગ અને તેજસ વગેરે યુવાનોને રાષ્ટ્રીય ભાવના કેળવાય તે હેતુથી સોંપવામાં આવી હતી. ધનસુરા બારગામના પ્રમુખ જે. એસ. પ્રિયદર્શી અને મોડાસા રોહિત સમાજના મંત્રી જે. ડી. પરમારે પણ વૃક્ષો રોપ્યા હતા.મંડળે અરવલ્લીમાં ૧૧૧૧ વૃક્ષો વાવવાના સંકલ્પ લીધા હતા.

# શ્રીમતિ કાંતાબેન હીરૂભાઈ શાહ ફેમીલી ટ્રસ્ટ તરફથી ૪૦ પંખા ભેટમાં આપવામાં આવ્યા

## જે.એસ.મહેતા હાઈ(ઉ.પ્રા.વિભાગ), ગર્લ્સ હાઈસ્કૂલ અને હોલ માટે ૪૦ પંખાની ભેટ

ધનસુરા, તા. ૧૮

શ્રીમતિ કાંતાબેન હીરૂભાઈ શાહ ફેમીલી ટ્રસ્ટ તરફથી તેમના સુપુત્ર ડૉ.વિનોદચંદ્ર હીરૂભાઈ શાહ, ડૉ.રમેશચંદ્ર હીરૂભાઈ શાહ તેમજ શ્રી મહેશભાઈ હીરૂભાઈ શાહના હસ્તે શ્રી ધનસુરા કેળવણી મંડળ સંચાલિત જે.એસ.મહેતા હાઈ. (ઉ.પ્રા.વિભાગ), આર.એસ. વી.જી ગર્લ્સ હાઈસ્કુલ તેમજ સાંસ્કૃતિક હોલ માટે કુલ ૪૦ પંખા ભેટ સ્વરૂપે આપેલ છે તે બદલ ધનસુરા કેળવણી મંડળ ના પ્રમુખ કાંતિભાઈ પટેલ,ઉપપ્રમુખ ગોપાલભાઈ ઠેકડી, વિઠ્ઠલભાઈ પટેલ, મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલ,ધીરુભાઈ પટેલ તેમજ અન્ય મંડળ ના





હોદ્દેદારો અને શાળા પરિવાર થકી તેમનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરવા માં આવ્યો હતો. કાંતાબેન હીરૂભાઈ શાહ ફેમીલી ટ્રસ્ટ તરફ થી પોતાની માતૃભૂમિ નું ઋણ સમજી પોતાનો વતન પ્રેમ નિભાવી ઘણા સમય થી શાળા ના બાળકો ને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અવિરત મદદ પહોંચાડી ને ઉમદા કાર્ય કરી રહ્યા છે

# રોટરી કલબ ડીસા ડીવાઈન દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો





ડીસા, તા. ૧૮

ડીસામાં રોટરી કલબ ડીસા ડીવાઈન દ્વારા અનેક સેવાકીય અને રચનાત્મક પ્રવૃતિ થકી લોક ઉપયોગી કાર્ય કરવામાં આવે છે ત્યારે સ્વતંત્રતા પર્વ નિમિત્તે વિવિધ સાંસ્કૃતિક કાર્યકમ યોજાયો હતો જેમાં બાળકોએ દેશભક્તિ ગીતો,નૃત્ય, સ્પીચ જેવી અનેક કૃતિ રજૂ કરી હતી. ભવ્ય ગિલેક્સી ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં ૩૩ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. જેમાં રોટરી કલબ ડીવાઈન દ્વારા તમામ બાળકોને પ્રોત્સાહન ઈનામો પણ આપવામાં આવ્યા હતા. આ કાર્યકમમાં મત્રી હીનલ બહેન અગ્રવાલ , પ્રો.ચેરમેન વર્ષાબેન પરમાર , ધર્મીસ્ઠાબેન પટેલ , નયનાબેન ઠક્કર, રાજલબેન, કિજલબેન, કાંતાબેન, વર્ષાબેન, પ્રાચીબેન, અસ્મિતાબેન, ડો.અવનીબેન આલનો સંપૂર્ણ સહયોગ મળ્યો હતો અને આ કાર્યક્રમમાં રોટરી પ્રમુખ ડો. રીટાબેનનું માર્ગદર્શન મળતા આ કાર્યક્રમ સુંદર રીતે પૂર્ણ થયો હતો.





**રાજસ્થાનના યાત્રાધામ રણુજા ખાતે ચાલતા જતા પગપાળા યાત્રાળુઓનો પ્રવાહ વધ્યો**

રાજસ્થાનના રામદેવરા ખાતે બાબા રામદેવ પીર નું મંદિર આવેલું છે અને આ રામદેવપીરના મંદિરે લાખોની સંખ્યામાં ભક્તો વિવિધ રાજ્યો માંથી શ્રાવણ તેમજ ભાદરવા મહિનામાં દર્શનાર્થે જતા હોય છે જેમાં મોટી માત્રામાં ભક્તો પગપાળા જઈ પોતાની માનતા પૂર્ણ કરતા હોય છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તાર એવા ધાનેરા વિસ્તારમાં પણ રામદેવરા જતા યાત્રાળુઓનો ઘસારો વધ્યો છે અને ખૂબ જ ઉત્સાહ સાથે લોકો પગપાળા રણુજા તરફ આગળ વધી રહ્યા છે ત્યારે ચાલતા જતા યાત્રાળુઓને પણ કોઈ તકલીફ ન પડે તે માટે સ્થાનિક સેવાભાવી સંસ્થાઓ દ્વારા પણ આ યાત્રાળુઓ માટે ભોજન પાણી રહેવાની જેવી વિવિધ સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે બે વર્ષ કોરોનાની મહામારી બાદ આ વખતે યાત્રાળુઓ ચાલતા જઈ પોતાની મનોકામના પૂર્ણ કરી રહ્યા છે.

# વાંટડા ગામે આર્મીમાં નવનિયુક્ત જવાનોનો સન્માન કાર્યક્રમ યોજાયો



રાયગઢ, તા.૧૭

હિંમતનગર તાલુકા ભાજપા બક્ષીપંચ મોરચા દ્વારા મંગળવારના રોજ કરણપુર પાસે આવેલ વાંટડા ગામના હનુમાનજી મંદિર ખાતે તાજેતરમાં હિંમતનગર તાલુકા વિસ્તારના ભારતીય સેના(આર્મી)માં નવનિયુક્ત થયેલા જવાનોનો સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તાલુકાના નવ જેટલા જવાનોને કુમકુમનું ટીલક કરી ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, હિંમતનગર તાલુકા ભાજપા સંગઠન પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ, મહામંત્રીશ્રી ભવરસિંહ ચૌહાણ, જીલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રી અમૃતસિંહ પરમાર, જિલ્લા પંચાયત સા.કાં પૂર્વ કારોબારી અધ્યક્ષ વનરાજસિંહ પરમાર ,તાલુકા બક્ષીપંચ મોરચા પ્રમુખશ્રી વનરાજસિંહ રાઠોડ, મહામંત્રી જયેશ બારોટ, વિરાવડા તાલુકા સદસ્ય દિલીપસિંહ મકવાણા તેમજ ભાજપા કાર્યકરો, સમાજના અગ્રણીઓ સહિત ગામ આગેવાનોએ બહુમાન કરી શુભેચ્છા પાઠવી હતી.

## જન્મદિને વધામણી



વેદ ઉમેશકુમાર પ્રજાપતિ
બાયડ, જિ.અરવલ્લી



કેયા કેતનકુમાર વાળંદ
સાયરા, તા.મોડાસા



જીતેન્દ્રભાઈ સોની
કોકાપુર(મોડાસા)



વિનય પટેલ
ધનસુરા, જિ.અરવલ્લી



મનિષ હસમુખલાલ શાહ
(એમ.બી.પરીખ મહારાજા હાઈસ્કુલ)
કાંકણપુર(આકરૂન્દ)



ઘરમાં રહો, સુરક્ષિત રહો

રક્તદાન મહાદાન